**આપણી આજકાલ**



# એક ધડાકાએ દિશા દેખાડી!

*તારી બહુ કમ્પ્લેન આવે છે. તને શું પ્રોબ્લેમ છે?*

*દિલ્હી પબ્લિક સ્કૂલ*ના પ્રિન્સિપાલ સુનીલ ત્રિવેદીએ ચારેક વર્ષ પહેલાં એની ચેમ્બરમાં પ્રભજ્યોત નામના અત્યંત તોફાની વિદ્યાર્થીને પૂછ્યું. પ્રભજ્યોત પાસે કોઈ જવાબ નહોતો, પણ એની પાસે કેટલાક સવાલ હતા.

પ્રભજ્યોતને લખવું નહોતું ગમતું. એ ગુસ્સે થઈ જતો હતો. પુસ્તકો ફેંકી દેતો. દરવાજો બંધ કરીને બેસી જાય. આ બધી સમસ્યાનો ઉકેલ કેવી રીતે કાઢવો એ સ્કૂલ કે પરિવારને સમજાતું નહોતું. આખરે એનો ઉકેલ મળ્યો. પ્રભજ્યોતને ડિસલેક્સિયાની સમસ્યા સતાવતી હતી. ઘણાં બાળકને આ સમસ્યા હોય છે, જેમાં બાળક ભણવામાં ઢલ લાગે, અક્ષરો ઊલટાસૂલટા લખે, ગણતરીમાં ગોટાળા કરે, વગેરે. (ચોખવટ: ડિસલેક્સિયા કોઈ બીમારી નથી) આવાં બાળક બીજી બધી જ રીતે હોશિયાર હોય છે, પણ એમને લખવાનું કડાકૂટભર્યું લાગે છે એટલે પરીક્ષા વખતે પાછાં પડે છે.

*દિલ્હી પબ્લિક સ્કૂલ*ના સંચાલકોએ પ્રભજ્યોતનો આ પ્રોબ્લેમ પારખી લીધો. *કેલોરેક્સ ફાઉન્ડેશને* આવા વિદ્યાર્થીઓ માટે *દિલ્હી પબ્લિક સ્કૂલ* (ડીપીએસ)માં *પ્રેરણા* નામનો એક અલગ વિભાગ શરૂ કર્યો છે. પ્રભજ્યોત અને એના જેવા વિદ્યાર્થીઓને ચાર્ટ અને ચિત્રો મારફત ખાસ ધ્યાન આપીને એમાં ભણાવવાનું શરૂ કર્યું, જેમાં પ્રભજ્યોત પર ભણવાનો ભાર નાખવાને બદલે એની સમસ્યા પર ધ્યાન આપવામાં આવ્યું.

પ્રભજ્યોત સિંહ નામનો ૧૭ વર્ષનો તરુણ આજે સ્પેનમાં એક અત્યંત મહત્ત્વના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. પ્રભજ્યોતને રસ હતો ટેક્નિકલ બાબતોમાં. કમ્પ્યુટરમાં. ઑટોમોબાઈલ ટેક્નોલૉજીમાં. સ્કૂલમાં પુસ્તકિયા જ્ઞાનમાં એને કંઈ રસ પડતો નહોતો. *ડીપીએસ-પ્રેરણા*માં રહીને એણે ગુજરાત સરકાર આયોજિત ઊર્જા ઉત્સવમાં ઑલ્ટરનેટિવ ફ્યુઅલ ટેક્નોલૉજીનો એક પ્રોજેક્ટ મૂક્યો. હાઈડ્રોજન ફ્યુઅલ પર મોટરકાર દોડાવવાના આ પ્રોજેક્ટને પહેલું ઈનામ મળ્યું. અખબારોમાં આ સમાચાર વાંચીને સ્પેનથી પોતાના કામ માટે અમદાવાદ આવેલા અને *બનારસ હિંદુ યુનિવર્સિટી*માં આવા જ એક પ્રોજેક્ટ પર કામ કરી રહેલા મિસ્ટર વિહોલને પ્રભજ્યોતના પ્રોજેક્ટમાં રસ પડ્યો. એમણે સંપર્ક કર્યો અને એના પ્રોજેક્ટ વિશે માહિતી મેળવી. એક મહિના સુધી એમની પોતાની મારુતિ ગાડી આપી અને એના પર અખતરા કરવાની છૂટ આપી. ડેરી ટેક્નોલૉજીમાં નિષ્ણાત એવા પિતાના આ પુત્રની ટેક્નિકલ જાણકારી એટલી મજબૂત હતી કે વિહોલ તો અચંબામાં પડી ગયા. એમણે સ્પેન પહોંચીને પ્રભજ્યોતના આ પ્રોજેક્ટ વિશે વાત કરી અને પ્રભજ્યોતને આ પ્રોજેક્ટ પર કામ કરવા ત્યાં બોલાવી લીધો.

પ્રભજ્યોતનાં મમ્મી મનોરંજન કલસી *દિલ્હી પબ્લિક સ્કૂલ*માં ટીચર છે. એ કહે છે કે ઘરમાં એ આખો દિવસ એના રૂમમાં સ્પેર પાર્ટ્સ અને કમ્પ્યુટર સાથે જ વિતાવતો. કમ્પ્યુટર તો એના માટે જાણે રમકડું છે. ઊર્જા ઉત્સવની તૈયારી માટે ઘરે જોખમી અખતરા કરતો. અરે, એક્ઝિબિશન વખતેય એ પ્રયોગ કોઈને બતાવી રહ્યો હતો ત્યારે જ બ્લાસ્ટ થયો હતો અને શામિયાણામાં દોડાદોડી થઈ ગઈ હતી.

જો કે એ ધડાકો જ કદાચ પ્રભજ્યોતને એક નવી કારકિર્દી તરફ લઈ ગયો. *પ્રેરણા* સ્કૂલનાં કો-ઑર્ડિનેટર નૂતન કાસલીવાલ કહે છે કે આવાં બાળકોને માત્ર દિશાની જ જરૂર હોય છે. કમનસીબે મા-બાપ એમના બાળકની આ સમસ્યાને સ્વીકારતાં નથી. પોતાનું બાળક નૉર્મલ છે, એને કોઈ પ્રોબ્લેમ નથી એમ કહીને પોતાનો જ કક્કો ખરો કરે છે.

ડિસલેક્સિયાની સમસ્યા બહુ કૉમન છે, પણ શાળાઓમાં કે મા-બાપમાં એના વિશેની હજી એટલી સમજ વિકસી નથી. એક અંદાજ મુજબ શાળામાં ભણતાં પંદર ટકા બાળકોને આ સમસ્યા હોય છે. ભારતમાં આવાં ત્રણ કરોડ બાળક હોવાનું અનુમાન છે. છોકરી કરતાં છોકરાઓમાં આ સમસ્યા વધુ હોય છે. આ બાળકો બીજી બધી જ રીતે નૉર્મલ હોય છે-ક્યારેક તો વધુ હોશિયાર હોય છે, પણ એમને આંકડાની માયાજાળમાં રસ નથી પડતો.

નૂતનજી કહે છે કે અમે-સ્કૂલના સંચાલકોએ પ્રભજ્યોતનું આઈક્યૂ લેવલ પણ ટેસ્ટ કરાવ્યું હતું, જેમાં એનું લેવલ જિનિયસ કૅટેગરીમાં હતું. *ડીપીએસ-પ્રેરણા* પ્રોજેક્ટ શરૂ કરનારાં *કેલોરેક્સ ફાઉન્ડેશન*નાં સ્થાપક અને મૅનેજિંગ ટ્રસ્ટી મંજુલા પૂજા શ્રોફને લાગ્યું કે બીજી બધી જ બાબતોમાં આ છોકરો હોશિયાર છે, માત્ર અમુક પ્રકારનાં ભણતરમાં એને રસ નથી પડતો. ડિસલેક્સિયાવાળા બાળકનું આ લક્ષણ છે. અત્યારે *જિમ્પેક્સ બાયોટેક્નોલૉજી* સાથે એના કરાર થયા છે અને એ બધું જ ભંડોળ પૂરું પાડે છે. બદલામાં પ્રભજ્યોત જે રિસર્ચ કરશે એના પર એમનો અધિકાર રહેશે. ફાઉન્ડેશને પ્રભજ્યોતને ૯૯ વર્ષના પેટન્ટ રાઈટ્સ મળે એ માટે પણ વાટાઘાટો કરી છે. જો કે ભારતમાં આ પ્રકારનો પ્રોજેક્ટ ન હોવાથી અત્યારે એ સ્પેન પહોંચ્યો છે.

પ્રભજ્યોતનાં મમ્મીએ (પિતાનું થોડાં વર્ષ પહેલાં અવસાન થયું છે) પુત્રની આ સમસ્યા સ્વીકારી લીધી અને ડિસલેક્સિયા માટેની જ ખાસ *ડીપીએસ-પ્રેરણા*માં મૂક્યો. એ કહે છે કે અત્યારે સ્પેનના એક ટાપુ લાસ પાલમાસની એક યુનિવર્સિટીમાં પ્રભજ્યોતનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. વાહન ચલાવવા માટે હાઈડ્રોજન ગેસનું ઉત્પાદન અને એ પછી એનો બળતણ તરીકે ઉપયોગ કરવા માટેની ઑટો ટેક્નોલૉજીનો અખતરો પ્રભજ્યોત અત્યારે કરી રહ્યો છે. એનો તમામ ખર્ચ એ લોકોએ ઉઠાવ્યો છે. જો એ એના પ્રયોગમાં સફળ થશે તો વાત આગળ વધશે. હાઈડ્રોજન પર મોટરકાર દોડાવવા માટે ત્યાં એને એક સ્કૂલનું આખું મેદાન ફાળવી દીધું છે.

સ્કૂલના સ્ટીરિયોટાઈપ બંધિયાર વાતાવરણમાં આવાં બાળકો ગૂંગળામણ અનુભવે છે. એમને જરૂર હોય છે એવા સાધની કે જે એને અભિવ્યક્તિનું મોકળું મેદાન પૂરું પાડે.

**મનીષ મહેતા** *(અમદાવાદ)*